મનપા દ્વારા ઘરે ઘરેથી કચરો ઉપાડવાની ઝુંબેશને કારણે 'ડસ્ટબીન યુઝ લસ' થઈ હોય તેમ પડી રહી છે. સરાહનીય પ્રયાસને નગરજનોને કેવો પ્રતિસાદ મળે તે જોવાનું રહે..! (તસવીર : કશ્યપ નીમાવત)

છત્રાલમાંથી ઓઈલ ચોરી કરતી ગેંગ ઝડપાઈ

૪.૪૨ લાખના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીકના છત્રાલ ગામની સીમમાં ઓ.એન.જી.સી. વેલમાં પાઈપો લગાવી ઓઈલ ચોરી કરનાર ૩ ઓઈલ ચોરોને આજે બાતમીના આધારે ગાંધીનગર આર.આર.સેલ.ની ટીમે ઝડપી પાડ્યા હતા. ટીમે દરોડા દરમિયાન કુલ રૂ. ૪,૪૨,૫૦૦નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર રેન્જના નાયબ પોલીસ મહા નિરીક્ષકની સૂચનાના આધારે આર.આર.સેલ, ગાંધીનગર રેન્જના પોલીસ સબ ઈન્સ. એલ.પી. બોદાણા તથા તેમની ટીમના માણસો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન પી.એસ.આઈ. બોડાણાને છત્રાલ ગામની સીમમાં કેટલાક ઓઈલ ચોરો ઓઈલની ચોરી કરી રહ્યા છે તેવી બાતમી મળી હતી.

છત્રાલ ગામની સીમમાં જય બનાસ પ્રા.લી. ફેક્ટરીથી આગળ જતા રસ્તે ધમાભાઈ પટેલના ખેતરમાંથી ઓ.એન.જી.સી. ના વેલમાંથી કેટલાક માણસો પાઈપ લગાવી વાહનમાં બેરલો લાવી તેમાંથી ક્રુડ ઓઈલની ચોરી કરતા હતા. પોલીસે દરોડો પાડી આરોપી એવા દશરથજી પુંજાજી ઠાકોર (રહે. વડનગર પરા), ઉમેદજી જોઈતાજી ઠાકોર (રહે. છત્રાલ), શૈલેષજી બાબુજી ઠાકોર (રહે. છત્રાલ વડનગર પરા)ને ઝડપી પાડ્યા હતા જ્યારે બાલસંગજી નાથુજી ઠાકોર (રહે. વડનગર પરા છત્રાલ) અંધારાનો લાભ લઈ નાશી છૂટવામાં સફળ રહ્યો હતો.

દરોડા સ્થળેથી ટીમે રૂ. ૪૨,૪૦૦ની કિંમતનું ૧૦૬૦ લીટર ક્રુડ ઓઈલ તેમજ ટાટા-૪૦૭ ટ્રક નં. જીજે-૪-યુ-૮૧૩૫ તથા રબરની પાઈપ કિં. રૂ. ૧૦૦ મળી કુલ રૂ. ૪,૪૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. સેલની ટીમે આ મામલે ત્રણ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અને આ ક્રુડ ઓઈલનો જથ્થો ક્યાંથી કોને પહોંચાડવાનો હતો તે બાબતે પણ ઊંડાણપૂર્વક તપાસ ચાલુ છે.

પુન્દ્રાસણ ગામમાંથી પાંચ જુગારીયાઓ ઝડપાયા

પેથાપુર પોલીસે રૂ. ૧૬ હજારનો મુદ્દામાલ કબજે કરી તમામ જુગારીયા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર પુન્દ્રાસણ ગામે હાર-જીતનો જુગાર રમતા પાંચ જુગારીયાઓને પેથાપુર પોલીસે ઝડપી પાડયા હતા અને તમામ વિરૂધ્ધ જુગાર ધારા મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીક પુન્દ્રાસણ ગામે ગત રોજ સાંજના સમયે ગામના જ કેટલાક જુગારીયાઓ પત્તા વડે હાર જીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી પેથાપુર પોલીસને મળી હતી પરિણામે બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે બાતમી સ્થળે દરોડો પાડી પાંચ જુગારીયાઓને ઝડપી પાડયા હતા. પોલીસે જુગાર રમતા ગોવાજી બબાજી ઠાકોર, મુકેશ ઠાકોર, દશરથજી ઠાકોર, દિનેશજી ઠાકોર, રાધુજી ઠાકોર સહિત પાંચને પકડી જુગાર સાહિત્ય સાથે કુલ રૂ. ૧૬૦૦૦ની રોકડ કબજે કરી હતી. આ સંદર્ભેપેથાપુર પોલીસે તમામ વિરૂદ્ધ જુગારધારા મુજબ ગુનો નોંધ્યા છે જેની તપાસ ગફુરભાઈ ચલાવી રહ્યા છે.

વીટકોસ બસનું ટાયર માથા પર ફરી વળતા એક મુસાફરનું મોત

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર શહેરી બસ સેવા વીટકોસની બસના ટાયર નીચે એક મુસાફરનું માથું આવી જતા તેનું કરૂણ મોત નિપજયું હતું.

(તસવીર : નટુભાઈ પટેલ,

બનાવની વિગત મુજબ ચિલોડાથી ગાંધીનગર તરફ જતી વીટકોસ બસ નં. જીજે૦૬-વીવી-૨૮ જયારે સીઆરપીએફ કેમ્પના મેઈન ગેઈટ આગળ ઉભી હતી અને તેમાંથી મસીભાઈ કોદરભાઈ તબીયાડ નામના એક મુસાફર નીચે ઉતરી રહ્યા હતા ત્યારે બસના ચાલકે અચાનક બસ હંકારી દેતા તેઓ નીચે પટકાયા હતા. આ સમયે તેમના માથા પર બસના પાછળના ભાગનું વ્હીલ ચઢી જતાં તેમનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું હતું. આ ઘટના બાદ બસ ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. મૃતકના કાકા નટુભાઈ સોમાજી તબીયાડે બેફિકરાઈથી ગફલતભરી રીતે બસ હંકારી અકસ્માત કરવા બદલ ચિલોડા પોલિસ સ્ટેશને ચાલક વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે ચિલોડા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું અને ચાલુ ફરજ દરમિયાન અવસાન પામેલ શિક્ષકોના આશ્રિતોને સહાય ચૂકવવાનો કાર્યક્રમ યોજવામાં આવશે.

શિક્ષક સંઘના સભાસદ શિક્ષક ભાઈ બહેનોના ધોરણ-૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને જિલ્લા સંઘ દ્વારા સન્માનવામાં આવશે. આ કાર્યક્રમ તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ જિલ્લા શિક્ષક ભવન સેક્ટર-૧૨ ખાતે યોજાનાર છે. જેમાં પ્રથમ નંબરને ૨૫ ગ્રામ, ૨૦ ગ્રામ અને ૧૫ ગ્રામ અનુક્રમે ચાંદીની મુદ્રા આપી સન્માનિત કરી પ્રોત્સાહિત કરાશે.

તેમજ ચાલુ ફરજ દરમિયાન અવસાન પામેલ શિક્ષકોના વારસદારોને સહાય ચુકવવામાં આવશે. જેમાં અવસાન પામેલ વ્યક્તિના સ્વજનને રૂ. ૧૦ હજાર અને અસાધ્યરોગની બિમારી વાળા શિક્ષકોને રૂ. ૫ હજાર સહાય આપવામાં આવશે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ અને રાજ્ય શિક્ષક સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.

સે-૮ નવરાત્રિ સમિતિના હોદ્દેદારોની વરણી

શ્રી અંબાજી માતાજી મંદિર, સેક્ટર-૮ નવરાત્રિ સમિતિના હોદ્દેદારોની સામાન્ય સભા મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૪ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે નિલેશ પટેલ, મહામંત્રી તરીકે રૂપેશ દેસાઈ, સહમંત્રી તરીકેવિપુલ પરમાર, ખજાનચી તરીકે કુંજન કોન્ટ્રાકટર અને સલાહકાર તરીકેપ્રમોદ પરમારની વરણી કરવામાં આવી છે.

કાઠીયાવાડ રાજપૂત સમાજ દશેરાની ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૮

શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર વિજયા દસમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરશે. તા. ૩ જી ઓક્ટોબરના રોજ બપોરે ૩.૩૦ વાગે સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. સમાજના દરેક સભ્યને આ કાર્યક્રમની આમંત્રણ પત્રિકા અને ભોજન સહિતના પાસ મોકલી આપવામાં આવ્યા છે. ત્યારે જો કોઈને ન મળે તો કાર્યાલય પરથી મેળવી લેવા સમાજ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

ભાટ ગામે નદીમાંથી ૧૭ વર્ષીય કિશોરીનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક ભાટ ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી આજે ૧૭ વર્ષીય કિશોરીનો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

નરોડાના નોબલનગર વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય કિશોરી ગત તા. ૬ ના રોજ ઘરેથી એક્ટીવા લઈ ટ્યૂશન જવા નીકળી હતી. જે બે દિવસ સુધી પરત આવી ન હતી. આ મામલે પરિવારજનોએ પોલીસમાં જાણ કરી હતી. દરમિયાન કિશોરી આજે મૃત હાલતમાં ભાટ ગામથી મળી હતી. આ અંગે અડાલજ પોલીસ મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આત્મહત્યા અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

સેક્ટર-૨૮ આરાધના વિદ્યા વિહારમાં વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૨૮ આરાધના વિદ્યાવિહાર કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાના ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ અલગ-અલગ વૃક્ષો રોપી વૃક્ષારોપણમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી અને સ્ટાફ પરિવારે જીવનમાં વૃક્ષોનું મહત્વ પર વિદ્યાર્થીઓને માહિતી પુરી પાડી હતી. અને બાળકોને ઈકો ક્લબમાં જોડાઈને પર્યાવરણને લગતી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા જણાવવામાં આવ્યું હતું.

રવિવારે સેક્ટર-૭ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી ખાતે લોકસેવા ટ્રસ્ટ આયોજીત 'સરદાર જ્યોતિ વ્યક્તિ વિશેષાંક વિમોચન અને લોકસેવા સન્માન સમારંભ' યોજાઈ ગયો. જેમાં સમારંભના અધ્યક્ષ સુરેશભાઈ સોની (સંવાહક, સહયોગ કૃષ્ઠ રોગ સેવા સંસ્થા) તેમજ પ.પૂ. શાસ્ત્રીજી હરીપ્રકાશદાસજી, પ.પૂ. બાલકૃષ્ણસ્વામી, પ.પૂ. શાસ્ત્રી પુરૂષોત્તમદાસજી, શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, એન.પી. પટેલ તેમજ અન્ય મહાનુભાવો સાથે લોકસેવા સન્માનીત શ્રી નિર્દોષાનંદજી (માનવસેવા હોસ્પિટલ) શ્રી પરેશ ડોડીયા, બી.એસ. રાજપરા, જનકલ્યાણ તંત્રી દેવેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

જીવનમાં સુખી થવું હોય તો શિસ્ત જરૂરી છે : શંકરસિહ વાઘેલા

બાપુ નોલેજ વિલેજ કોલેજમાં નવ સંસ્કરણ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંબોધન કર્યુ

ગાંધીનગર, તા. ૮

આજના યુગમાં વિદ્યાર્થીઓએ મોબાઈલના ગુલામ બની ગયા છે.



પરંતુ મોબાઈલનું વ્યસન તેમને નુકશાન કરશે. શૈક્ષણિક સફળતા માટે વિદ્યાર્થીઓએ શિસ્ત અને કઠોર પરિશ્રમ અને માનવીય મૂલ્યો ન ભુલવા જોઈએ. તેમ શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

ગાંધીનગર-માણસા હાઈવે પર આવેલ બાપુ નોલેજ વિલેજ ખાતે શૈક્ષણિક સંકુલમાં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે 'નવ સંસ્કરણ કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન શંકરસિંહ વાઘેલા, ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, શ્રીમતી ગુલાબબા વાઘેલા, જયેન્દ્રકુવરબા વાઘેલા, ડૉ. વી.એમ. પટેલ, ડૉ. એમ.એમ. પટે અને હરેનભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન અને વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓ અને વાલીઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. પરંતુ તેના ગુલામ બનવુ ન જોઈએ. વિદ્યાર્થીઓ ક્લાસ દરમિયાન સોશ્યલ સાઈટના રવાડે ચઢ્યો છે તે યોગ્ય નથી. અભ્યાસ કરતી વખતે અભ્યાસ ઉપર જ ધ્યાન આપવુ જોઈએ.

માતા-પિતા પોતાના બાળકને પેટે પાટા બાંધીને ભણાવતા હોય છે ત્યારે વિદ્યાર્થીઓએ પણ અભ્યાસમાં મન લગાવવું જોઈએ. કોલેજકાળ દરમિયાન જે વિદ્યાર્થીઓ મજા કરે છે તેમણે આખી જીંદગી સજા ભોગવવી પડતી હોય છે. માટે અભ્યાસ વેળાએ અન્ય કોઈ પ્રવૃત્તિમાં નહિ પણ અભ્યાસમાં જ પરોયેલા રહેવું જોઈએ.

વધુમાં જણાવ્યું હતું કે, નોકરી માટે ડિગ્રી જરૂરી નથી. હંમેશા ક્રિએટીવ કાર્ય કરવું જોઈએ અને નોકરી માટે ક્યારેય ગરજુડા ન બવું જોઈએ. આપણે નોકરી મેળવવા નહિ પણ આપવાનું વિચારવું જોઈએ. જો તમે સારો અભ્યાસ કરી પોતાની ઈન્ડસ્ટ્રીઝ શરૂ કરશો તો તમે અવશ્ય નોકરી આપી શકશો.

પશુઓને પણ ટ્રેનર દ્વારા ટ્રેઈનીંગ આપવામાં આવે છે અને ત્યાર બાદ સારૂ પ્રદર્શન કરે છે. આપણને પણ ઉચ્ચ ફેકલ્ટી દ્વારા જ્ઞાન પુરૂ પાડવામાં આવે છે. ત્યારે તે જ્ઞાન ગ્રહણ કરવુ જોઈએ.

આ પ્રસંગે બાપુએ શિસ્ત પ્રત્યે વધુ ધ્યાન આપવા જણાવ્યુ હતુ. વાલીઓને પણ પોતાના પુત્રોનો અભ્યાસ કેવો છે શુ ભણે છે, તેનાથી જાગૃત રહેવું જોઈએ, રૂપિયાના અભાવે કોઈપણ વિદ્યાર્થીનો અભ્યાસ ન બગડવો જોઈએ.

ઈનોવેશન કાઉન્સિલના હરેનભાઈ શાહે જણાવ્યું હતું કે, અભ્યાસને વ્યવસાય તરીકે પસંદ કરો અને તેજ દિશામાં આગળ વધો આજે મોટાભાગની ઈન્ડસ્ટ્રીનો માણસોના અભાવે વિકાસ રૂંધાઈ ગયો છે. કુશળ માણસો મળતા નથી તમે કોઈ પણ કંપનીમાં કામ કરવા જાઓ છો ત્યારે તેની કાર્ય પદ્ધતિને અનુસરવી જોઈએ. નાની નાની બાબતોમાં ખોટુ બોલવા કરતા જે સત્ય છે તે જણાવવું જોઈએ.

વિદ્યાર્થીઓને નાના-મોટા નિર્ણયો જાતે કરવા જોઈએ. આપણી નિર્ણય કરવાની ક્ષમતા અને કાર્ય કરવાની પદ્ધતિથી દરેકને અનુકૂળ આવે તેવી રાખવી જોઈએ. કંપનીની વિકાસ તેના કર્મચારીઓ દ્વારા જ થાય છે. અને આપણે તેનું અભિન્ન અંગ કહેવાય. ત્યારે કંપનીનો વિકાસ એજ આપણો વિકાસ સમજીને કાર્ય કરવું જોઈએ.

સંસ્થાના રજીસ્ટ્રાર મુકેશ વેદે દૂધમાં સાકર ભળે તેમ શિક્ષણમાં ભળી જઈ નવા શિખરો સર કરવા જણાવ્યું હતું. તેમણે સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ પોર્ટલની માહિતી આપી હતી. જેમાં દરેક વિદ્યાર્થીને પોતાનું આઈ.ડી. અને પાસવર્ડ આપવામાં આવશે. વિદ્યાર્થી કે વાલી કોલેજની માહિતીથી વાકેફ થઈ શકશે. આ પોર્ટલમાં વિવિધ અભ્યાસ કરતી માહિતી, પરીક્ષાલક્ષી માહિતી, વિદ્યાર્થીઓએ ભરેલ ફીની વિગત ઈચ્છા મુજબ જાણી શકાશે. તેમજ વાલીઓને એસ.એમ.એસ. અને પત્ર દ્વારા પણ વિદ્યાર્થીની માહિતી પુરી પાડવામાં આવશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫

સૂર્યાસ્ત : ૬.૪૮

તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૯૨ ટકા

વરસાદ : ૧૫.૫ મી.મી.

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

મેરી કોમ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

મેરી કોમ : ૧૨.૩૦

: સ્ક્રીન-૩ :

સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૩.૪૫

ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૬.૦૦

સ્ક્રીન-૪ :

મેરી કોમ : ૧૦.૦૦

મર્દાની : ૧.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૦૦

પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૯.૪૫

: સ્ક્રીન-૫ :

મેરી કોમ : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

મેરી કોમ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

એરોપ્લેન વર્સીસ વોલ્કેનો : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫ ૪.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

મેરી કોમ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦

રાજા નટવરલાલ : ૧૨.૩૦, ૬.૩૦

આપની આજ

મેષ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

વૃષભ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

મિથુન : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે.

કર્ક : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

સિંહ : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

કન્યા : વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : કાર્યોમાં ઉન્નતિ થશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

વૃશ્ચિક : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

ધન : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. શત્રુઓથી હાની થવાની આશંકા રહેશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

મકર : સ્વયં યોજના મુજબ કાર્ય કરવું. ક્રોધ અને આવેશ પર સંયમ રાખવો. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

કુંભ : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

મીન : વ્યપારી વર્ગથી લાભ થવાની શકયતા છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. કોકિલાબેન શાંતિલાલ શાહ (ઉ.વ.૭૫) ડી/૨, ઉમિયા કોમ્પલેક્ષ, ધોળેશ્વર મહાદેવ, ગાંધીનગર
- સ્વ. અમૃતબેન કાળુસિંહ ઝાલા (ઉ.વ.૬૦) મુ. લાખાના મુવાડા, તા.દહેગામ, જી. ગાંધીનગર